### મોડાસામાં ટ્રાફિક પોલીસની કાર્યવાહીથી

# સ્કૂલવાન અને સ્કૂલ રીક્ષાઓ હડતાલ પર ઉતારતાં વાલીઓમાં દોડધામ

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં ખાનગી વાહનચાલકો ઘેટાંબકરાની જેમ મુસાફરો ભરી જોખમી રીતે હંકારતા ટ્રાફિક પોલીસતંત્ર દ્વારા વાહનચાલકો સામે શખ્ત કાર્યવાહી કરવાની સાથે ડિટેન કરાતા વાહનચાલકો ફફડી ઉઠ્યા છે. ટ્રાફિક પોલીસ અને મોડાસા પોલીસે ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત મોડાસા શહેરમાં ખીચોખીચ બાળકોની જીંદગી દાવ પર લગાવતા સ્કૂલવાન અને સ્કૂલ રીક્ષાઓ સામે દંડનીય કાર્યવાહી કરાતા ફફડી ઉઠ્યા હતા અને શુક્રવારે અચાનક હડતાલ પર ઉતારતા અને શાળામાં અભ્યાસ કરતાં બાળકોનું પરિવહન બંધ કરી દેતા વાલીઓમાં ભારે દોડધામ મચી હતી અને તેમના બાળકોને શાળાએ મુકવા દોડાદોડી કરતાં નજરે ચઢ્યા હતા. કેટલાક બાળકો સ્કૂલવાન અને રિક્ષાના હડતાળના લીધે શાળાએ ન પહોંચતા અભ્યાસથી વંચિત રહેવું પડ્યું હતું.



મોડાસા શહેર શૈક્ષણિક નગરી તરીકે જાણીતું હોવાથી જીલ્લા સહીત આજુબાજુના જિલ્લાના લોકો તેમના બાળકોના ઉજજવળ ભવિષ્ય સાથે મોડાસામાં અભ્યાસ અર્થે વસવાટ કરે છે. શાળામાં અભ્યાસ કરતાં બાળકો મોટે ભાગના બાળકોના વાલીઓ સ્કૂલવાન અને સ્કૂલ રીક્ષાઓમાં તેમના બાળકોને અભ્યાસ અર્થે મોકલતા હોય છે. સ્કૂલવાન અને રીક્ષા ચાલકો તેમના વાહનમાં ખીચોખીચ બાળકોને ભરી બેસાડતા હોવાની સાથે દફતર અને પાણીની બોટલો બહાર લટકાવતા હોય છે કેટલાક સ્કૂલ વાહનો માટે બાળકોના પગ અને હાથ બહાર લટકતા જોવા મળે છે. જેના લીધે બાળકોની જાનહાની થવાનો ભય સહીત પુરઝડપે હંકારતા આરટીઓના નિયમોનો છેડેચોક ભંગ કરતાં મોડાસા શહેરની ટ્રાફિક પોલીસે નિયમોનું ઉલાળિયું કરતાં સ્કૂલવાન ચાલકો સામે સખ્તાઈ પૂર્વક કામગીરી કરતાં અને દંડ ફટકારવાની સાથે ડિટેનનું શસ્ત્ર ઉગમતા સ્કૂલવાનવાળા અને સ્કૂલ રીક્ષાઓએ વીજળીક હડતાલ પાડતા વાલીઓ અસુવિધાનો સામનો કરવો પડતા ભારે હાલાકી ભોગવવી પડી હતી.

વાલીઓએ તમામ કામકાજ પડતા મૂકી બાળકોને શાળાએ મુકવા અને લેવા જવાની નોબત આવતા પરેશાની ભોગવવી પડી હતી. કેટલાક વાલીઓએ પોલીસની કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો. બીજીબાજુ કેટલાક વાલીઓ દરેક વાહનચાલકો સામે કામગીરી કરવાની સાથે હપ્તા આપનાર ખાનગી વાહનચાલકો બેફામ મોતની મુસાફરી કરાવતા હોવા છતાં આંખ આડે કાન કરવામાં આવતા હોવાનું રોષપૂર્વક જણાવી સ્કૂલવાન અને રીક્ષાવાળા હપ્તો આપતા ન હોવાથી રંજાડવામાં આવતા હોવાનો આક્રોશ વ્યક્ત કરતાં નજરે ચઢતા હતા. સ્કૂલવાન અને રીક્ષાચાલકોની અચોક્કસ મુદતની હડતાલથી વાલીઓ ચિંતિત બન્યા છે.



શામળાજી-ગોધરા રાજ્યધોરી માર્ગ સતત ભારવાહક વાહનોથી ધમધમતો રહે છે. ભારે વાહનોના ચાલકો પુરઝડપે અને બેફિકરાઈ ભરી રીતે હંકારતા અકસ્માતની ઘટનાઓ સતત વધારો થતા અને નિર્દોષ લોકોએ જાનહાનીનો ભોગ બનવું પડે છે. શામળાજીના ખોડંબા નજીકથી પસાર થતી શામળાજી-પેટલાદ એસટી બસને ટ્રક-કન્ટેનરના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી પાછળથી ધડાકાભેર ટક્કર મારતા બસમાં બેઠલા મુસાફરો ફફડી ઉઠયા હતા. બસને ટક્કર મારી ટ્રક-કન્ટેનર રોડ નજીક આવેલા ઘરમાં પાછળના ભાગે ઘુસી જતા દીવાલ તૂટી જતા ધડાકાભેર અવાજથી ઘરમાં રહેલા પરિવારજનો ફફડી ઉઠ્યા હતા. સદ્નસીબે ટ્રક-કન્ટેનર અટકી જતા જાનહાની ટળતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# અરવલ્લી જિલ્લા પોલીસે કારનો ફિલ્મી ઢબે પીછો કરી ૨.૨૩ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

### કારનો પીછો કરતી પોલીસથી બચવા જીવણપુર નજીક કાર બાઈકને અડફેટે લઈ દુકાનમાં ઘુસતા અફડાતફડી : ૩ લોકો ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી મોટા પ્રમાણમાં કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઘુસાડવા બુટલેગરો સતત પ્રયત્નશીલ રહેતા હોવાની સાથે સફળ પણ રહેતા બુટલેગરો બેફામ બન્યા છે. જીલ્લા પોલીસવડા મયુર પાટીલ દ્વારા જીલ્લા પોલીસતંત્રને વિદેશી દારૂ ઘુસાડાતો અટકાવવા અને બુટલેગરો સામે શખ્ત કાર્યવાહીના આદેશ આપતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. જીલ્લાના અંતરિયાળ માર્ગનો ઉપયોગ કરી સ્વિફ્ટ કારમાં ૩ બુટલેગરો વિદેશીદારૂ રાજ્યમાં ઘુસાડવાનો પ્રયત્ન કરતા પોલીસતંત્ર દ્વારા અટકાવવા કારનો પીછો કરતા ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. કારમાં સવાર બુટલેગરે બોલુન્દ્રા તરફથી હંકારી જીવણપૂર નજીક ઉભેલ બાઈકને ધડાકાભેર ટક્કર મારી દુકાનમાં ઘુસી જતા ભારે અફડાતફડી મચી હતી.

કારની ટક્કરે બાઈક નજીક ઉભેલ ત્રણ યુવાનોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી કાર ઘટનાસ્થળે મૂકી ભાગવાનો પ્રયત્ન કરતા ૨ બુટલેગરોને પોલીસ દબોચી લીધા હતા. ૧ બુટલેગર પોલીસને ચકમો આપી નાસી છૂટ્યો હતો. અકસ્માતમાં ૩ યુવાનો ઘાયલ થતા. ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. કારની ટક્કરે બાઈકના આગળના ભાગના ભુક્કા બોલાઈ ગયા હતા. કાર દુકાનમાં ઘુસી જતા અને કારમાં વિદેશી દારૂ ભરેલ હોવાથી લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા. મોડાસા રૂરલ પોલીસે કારમાંથી ૨.૨૩ લાખનો વિદેશી દારૂ જપ્ત કરી ૨ શખ્સોને દબોચી લઈ ફરાર એક બુટલેગરને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસાના જીવણપુર ગામ નજીક મોડાસા રૂરલ પોલીસે ફિલ્મી ઢબે પીછો કરતા સ્વીફ્ટ કાર બાઈકને અડફેટે લઈ દુકાનમાં ઘુસી અટકી જતા કારમાંથી ૨.૨૩ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો મોડાસા રૂરલ પોલીસે વિદેશી દારૂ ભરેલી સ્વીફ્ટ કાર (ગાડી.નં-જીજે.૧૮.બીડી.૮૯૫૨)માં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ ભરી પસાર થતા અટકાવવા જતા કાર ચાલકે કાર હંકારતા પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી જીવણપૂર નજીક કારે અકસ્માત સર્જાતા કાર અટકી જતા પીછો કરતી પોલીસ પહોંચી કારમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ ૫૫૮ બોટલ કીં. રૂ. ૨૨૩૨૦૦નો દારૂ જપ્ત કરી કાર ઘટનાસ્થળે મૂકી નાસી છૂટેલ ડોલુ ભોલુજી ખટીક (રહે. સંતોષનગર, રામોલ, અમદાવાદ) અને લલિત કુમારલાલ ચાવડા (રહે.જયનગર સોસાયટી, વસ્ત્રાલ અમદાવાદ)ને દબોચી લઈ કારની કિંમત રૂ. ૩૦૦૦૦૦ મળી કુલ રૂ. ૫૨૩૨૦૦નો મુદામાલ જપ્ત કરી ફરાર આરોપી લાલા ચમન પટેલ (રહે. ચાર માળીયા, ઓઢવ અમદાવાદ) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.





# પ્રાંતિજમાં રખડતી ગાયોનો ત્રાસ વધ્યો

### પ્રાંતિજ પાલિકા કુંભકર્ણ નિદ્રામાં : બજાર તથા રોડ વચ્ચે અડીગો જમાવી બેસે છે પાલિકાના આંખે પાટા





પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રખડતી ગાયો નો ત્રાસ વધ્યો છે. રખડતી ગાયોને લઈને રોજબરોજના બનાવો બનવા છતાં પ્રાંતિજ પાલિકા કુંભકર્ણ નિદ્રામાં હોય તેવું હાલ તો લાગી રહ્યુ છે.

પ્રાંતિજ ખાતે છેલ્લાં એક મહિનાથી ભાખરીયા બસ સ્ટેશન, શાકમાર્કેટ, ત્રણ રસ્તા, એપ્રોચરોડ, બજારચોક વિવિધ વિસ્તારોમાં સવાર સાંજ રોડની વચોવચ રખડતી ગાયો અડીંગો જમાવીને બેસે છે. કેટલીક વાર તો એકબીજા સાથે ખાબકતા વાહનો ઉપર જઈ પડે છે. વાહનચાલકોને મોટી નુકાશાની વેઠવાનો વારો આવે છે. કેટલીકવાર તો રોડ ઉપરથી પસાર થતાં અચાનક ગાય કુદી આવતાં વાહન ચાલકો જમીન માપતા પણ થાય છે અને વાહનચાલકોને શરીરે ઈજાઓ પોહચે છે. અવારનવાર પાલિકામાં રજુઆતો છતાં પ્રાંતિજ પાલિકાની ઉંગ ઉગતી નથી. જેથી હાલ તો જાણે પાલિકા કુંભકર્ણ નિદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. રોડ વચ્ચે ગાયો બેસી રહી હોવાથી ટ્રાફિકની પણ સમસ્યામાં વધારો થાય છે. નગરજનો દ્વારા અનેકવાર રજુઆતો કરવા છતા પ્રાંતિજ નગરપાલિકાને કાંઈજ ફરક પડ્યો નથી. બીજીબાજુ કોઈ જાનહાની થાય તેવી રાહ જોવાતી હોય તેવું હાલ તો લાગી રહ્યું છે.



## ખેડબ્રહ્મા અંબાજી હાઇવે રોડ પર છોટા હાથી સળગી

ખેડબ્રહ્મા તાલુકાના શ્યામનાગર પાસે શુક્રવાર સવારના એક છોટા હાથી ગાડી સળગી ગઈ હતી જેને ફાયર ફાઈટર દ્વારા આગ હોલવવામાં આવ્યા હતા. વડાલીની સાઈ સેલ્સ એજન્સીના સેલ્સમેન અને ડ્રાયવર વડાલી ગોડાઉન પરથી વેફર, નમકીન ભરી ખેડબ્રહ્મા જવા માટે નીકળેલ હતા ત્યારે ૧૧.૩૦ વાગે શ્યામનાગર પાસે આવતા ગાડીમાં શોર્ટસર્કિટ થતા આગ લાગી હતી. જેથી ડ્રાઈવર અને સેલ્સમેન ઉતરી ગયા હતા અને ખેડબ્રહ્મા નગર પાલિકાના ફાયર વિભાગને જાણ કરી હતી. જેથી ખેડબ્રહ્મા ફાયર ટીમના ભાવેશભાઈ અને ભરતભાઈ ઘટના સ્થળે તાત્કાલિક આવીને આગ પર કાબુ મેળવ્યો હતો પરંતુ ત્યાં સુધીમાં ગાડી અને માલસામાન બળીને ખાખ થઈ ગયા હતા કોઈને પણ જાનહાની થવા પામી ન હતી.

# પ્રાંતિજ તાલુકામાં ઓછા વરસાદથી ચોમાસુ ખેતી નિષ્ફળ જવાનો ભય

### સત્તાવાળાને કિસાનોની હામીની વાત કરનારા મગનુ નામ મરી પાડતા નથી

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં ચોમાસુ ખેતી નહીવત વરસાદના કારણે નામશેષ થઈ જવાના આરે આવતાં પ્રાંતિજ તાલુકામાં મહત્તમ ડાંગર, કપાસ, મગફળીના વાવેતર કરી ચૂકેલા ખેડૂતો જેમ તેમ કરીને પાકોને બચાવવા બોર-કૂવાઓનો આશરો લે છે. પણ પૂરતો વીજ પ્રવાહ નહીં મળતાં કિસાનો જાયે તો કહાં જાય નો ખેલ સર્જાવા પામ્યો છે.

પ્રાંતિજના ધડકણ, તાજપુર, સલાલ, પ્રાંતિજ, પોગલુ, અમીનપુર, સોનાસણ, નનાનપુર સહિતના વિસ્તારોમાં સારો વરસાદને સારા ચોમાસાની આશાએ હજારો હેક્ટરમાં ડાંગર, કપાસ, મગફળી સહિતના ચોમાસું પાકોનું વાવેતર કરી દેતાં હવે વરસાદ ખેંચાતા અને તૂટક તૂટક માંડ સાતેક કલાક વિજપાવર મળતાં સિંચાઈ નહી થઈ શકતાં તમામ પાકો મુરઝાઈ રહ્યાં છે. ખેડૂત પ્રહલાદભાઈ પટેલના જણાવ્યા પ્રમાણે પૂરતો વીજ પુરવઠો નહી અપાય તો પ્રાંતિજ તાલુકાના ખેડેતોની ખેતી નિષ્ફળ જશે અને કિસાનો દેવાના બોજ બની જશે ત્યારે તાલુકાના રાજકારણીયા અને ચૂંટણી ટાણે મતોની ભીખ માંગવાવાળા કિસાનોની ચિંતા કરી



કેનાલ દ્વારા સિંચાઈ તથા પૂરતો વિજપુરવઠો અપાવે એવી લાગણી ઉદભવી રહી છે.

પ્રાંતિજ તાલુકામા આવેલા નાના-મોટા ૧૮ જેટલા તળાવો ખાલીખમ છે. પ્રાંતિજ, નનાનપુર સહિતના ગામડાઓના તળાવો ખાલી છે તો કેટલાય તળાવો નજીક નર્મદા પાઈપ લાઈનોના વાલ્વ મુકેલા છે. જો વાલ્વ ખોલી તળાવો ભરાય તો અસંખ્ય ગામોમાં ખેડૂતોને નર્મદાના પાણીનો ફાયદો તથા તળાવો ભરાય તો બોરકૂવાના પાણીના સ્તર ઉપર આવે અને ભૂજળસ્ત્રોત જળવાઈ રહે તેમ છે પરંતુ સત્તાવાળા મંડળી બનાવો તો પાણી આપીએનુ ભૂત લગાવી બેઠા છે અને પાણી વગર લોકોની ખેતી નિષ્ફળ જઈ રહી છે ત્યારે સરકાર શું કરે છે તેના પર સોની મીટ છે.

## લાટીવાળા કોલેજ સહયોગની મુલાકાતે

મોડાસા, તા. ૩

મોડાસા શહેર ઉપરાંત સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં લોકમુખે પ્રશસ્તિ પામેલ સંસ્થા શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ મોડાસા સંચાલીત એમ.કે. શાહ (લાટીવાળા) ડી.એલ.એડ. કોલેજ મોડાસા પ્રશિક્ષણાર્થીઓના સર્વાંગી માટે હંમેશા સભાન પ્રયત્નો કરે છે અને સમાજમાં આદર્શ શિક્ષકનો દાખલો પુરો પાડે છે.

કોલેજ દર વર્ષે સમાજસેવા ડેની ઉજવણી વિવિધ રીતે કરે છે. કોલેજના પ્રિન્સીપાલ ડૉ. સંતોષ દેવકરના જણાવ્યા મુજબ પ્રશિક્ષાર્થીઓમાં ઉચ્ચ વિચારો, સમાજોપયોગી કાર્યમાં સહભાગીદારી તથા નિતિમત્તાના મૂલ્યોનું સિંચન થાય તે માટે કોલેજ સતત પ્રયત્નો કરે છે. ભાવિ શિક્ષકોમાં સંવેદનશીલતાનો વિસ્તાર વધે અને સેવાકીય પ્રવૃત્તિઓમાં પોતાનું યોગદાન આપતો થાય તે આ પ્રવાસનો હેતુ હતો. સમાજને આદર્શ શિક્ષકની જરૂરીયાત પુરી પાડવામાં આવા સમાજઉપયોગી કાર્યો ખૂબ કાર્યો ખૂબજ અગત્યના પુરવાર થાય છે. પ્રશિક્ષણાર્થીઓને પ્રત્યક્ષ મૂલ્યશિક્ષણ આપવાની તક કોલેજ ઝડપી લે છે. એવી જ એક તક તાજેતરમાં ઉભી કરવામાં આવી. જેમાં કોલેજના ૯૪ પ્રશિક્ષણાર્થીઓ રાજેન્દ્રનગર મુકામે આવેલ સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટ સંસ્થાની મુલાકાત લીધી. ત્યાં રૂબરૂ મુલાકાત દ્વારા પ્રશિક્ષણાર્થીઓને સમાજને ઉપયોગી કેવી રીતે બની શકાય તે અંગેના પ્રત્યક્ષ જાણકારી આપવામાં આવી. સહયોગના ટ્રસ્ટી સુરેશભાઈ સોનીએ સંસ્થા વિશે તથા તેના કાર્યો વિશે વિગતે જાણકારી આપી. શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી તથા પ્રભારી મંત્રી સુભાષભાઈ એમ. શાહે સંસ્થાના આ કાર્ય બદલ સમગ્ર કોલેજ પીરવારને અભિનંદન પાઠવ્યા હતા અને કોલેજની સમાજોપયોગી પ્રવૃત્તિને બીરદાવી હતી. આ એક દિવસીય પ્રવાસને સફળ બનાવવા માટે પ્રશિક્ષણાર્થી કાજલ પટેલ, શિવાની રાઠોડ, ભરત, જીગર તથા સમગ્ર પ્રાધ્યાપક ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.



મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત મોડાસા સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા મહિલા સુરક્ષા દિનની ઉજવણી કે.એન. શાહ હાઈસ્કૂલ મોડાસા ખાખેથી શુભારંભ કલેક્ટરે લીલી ઝંડી બતાવી હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓ તથા મહિલા પોલીસ રેલીમાં જોડાયા.





## ડીસામાં બાળકીઓને અનિચ્છનીય સ્પર્શ અંગે માર્ગદર્શન અપાયું

મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત ડીસા ખાતે નગરપાલિકા સંચાલિત ડીએનપી ગર્લ્સ હાઈસ્કૂલમાં ગતરોજ ડીસા શહેર પોલીસના અધિકારીઓની હાજરીમાં માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડૉ. રાજુલબેન દેસાઈ તેમજ પોલીસ અધિકારીઓએ માસુમ દીકરીઓને અનિચ્છનીય સ્પર્શ અંગે માર્ગદર્શન આપી દીકરીઓની સુરક્ષા અને સલામતી સંદર્ભે કાયદાકીય માર્ગદર્શન આપી દીકરીઓને સલામતી બાબતે જાગૃત બની અન્યાયનો પ્રતિકાર કરવા માટે સક્ષમ બનવા આહવાન કર્યુ હતુ. શાળઆના આચાર્ય નીલેશભાઈ અને સ્ટાફ મિત્રો દ્વારા આ કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં દિકરીઓના વાલીઓએ પણ મોટી સંખ્યામાં ભાગ લઈ પ્રશ્નોત્તરી કરી ઉપયોગી માર્ગદર્શન મેળવ્યું હતું. વર્તમાન સમયમાં દીકરીઓની જાતીય સતામણી સહિતના વધતા જતા ગુનાઓને ધ્યાનમાં રાખી સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી થઈ રહી છે ત્યારે દીકરીઓ પોતે જ પોતાની સલામતી માટે જાગૃત બની સમાજના દુષણો સામે લડી શકે અને મક્કમ મનોબળ સાથે ઈન્કાર કરતા શઈખે તે માટે ડીસા લો કોલેજના આચાર્યા ડૉ. રાજુલબેન દેસાઈ ડીસાની શાળાઓમાં બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત ગુડ ટચ, બેક ટચ માટે જાગૃતિ કેળવવા ખાસ ઝુંબેશ ચલાવી રહ્યાં છે.